RAJKOT URBAN DEVELOPMENT AUTHORITY

SHRI CHIMANBHAI PATEL VIKAS BHAVAN, POST BOX NO.238, JAMNAGAR ROAD, RAJKOT.

નં.રૂડા/ટેક/ડેવ/ટેસ્ટીંગ લેબોરેટરી/પી/૬૧૨/૧૯/૪૩૫૧ તા.૨૬-૦૮-૨૦૨૦

પ્રતિ,
એન્વીરો લેબોરેટરીઝ પ્રા.લી.
સોઇલ ટેસ્ટીંગ અને મટીરીયલ્સ ટેસ્ટીંગ લેબોરેટરી
"કૃષ્ણા નિવાસ", ૬-નવલનગર,
મવડી મેઇન રોડ, કુલીયા હનુમાન મંદિરની સામે,
રાજકોટ

RUDA RAJKOT URBAN DEVELOPMENT AUTHORITY

વિષય : સોઇલ ટેસ્ટીંગ તથા બાંધકામમટીરીયલ તથા વર્કમેનશીપ ટેસ્ટીંગ લેબોરેટરીને માન્યતા આપવા બાબત.

સંદર્ભ : આપની તા.૧૨-૦૭-૨૦૧૯ની અરજી.

મહાશય,

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે આપની તા.૧૨-૦૭-૨૦૧૯ની અરજી અન્વયે રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની બોર્ડ બેઠક નં.-૧૦૮ના ઠરાવ નં.-૧૧૮૯ની જોગવાઇ મુજબ તા.૧૮-૦૮-૨૦૨૦ના રોજ સોઇલ ટેસ્ટીંગ તથા મટીરીયલ ટેસ્ટીંગ લેબોરેટરીને માન્યતા આપવા અંગેની કમીટીની મીટીંગ યોજાયેલ હતી. કમીટી દ્વારા લેવાયેલ નિર્ણય મુજબ રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળના હદ વિસ્તારમાં આવતી જમીનોના વિકાસ માટે સોઇલ ટેસ્ટીંગ તથા બાંધકામ મટીરીયલ ટેસ્ટીંગ માટેની લેબોરેટરીને નીચેની શરતોને આધિન માન્યતા આપવામાં આવે છે.

૧. આ મંજુરી ટેસ્ટીંગ લેબોરેટરી રાજકોટ ખાતે રાખવાની શરતે આપવામાં આવે છે. ટેસ્ટીંગ લેબોરેટરી રાજકોટ ખાતે ન રાખવાના સંજોગોમાં લેબોટેરી માન્યતા વિના નોટીસે રદ થવાને પાત્ર રહેશે.
૨. સરકારશ્રીના તા.૨૯-૫-૨૦૦૧નાં આદેશથી જારી કરવામાં આવેલ સ્ટ્રકચરલ સેફટી રેગ્યુલેશન્સની જોગવાઇઓ મુજબ સોઇલ બેરીંગ કેપેસીટી અંગે તથા કન્સ્ટ્રકશન માટે વપરાતા દરેક મટીરીયલનું સંબંધિત આઇ.એસ.કોડ અને નેશનલ બિલ્ડીંગ કોડની જોગવાઇઓ મુજબ સેમ્પલ કલેકશન કરી ટેસ્ટીંગ કરવાનું રહેશે.
૩. લેબોરેટરી દ્વારા જમીન માલિક/ ડેવલપર / કન્સ્ટ્રકશન એજન્સી સાથે ટેસ્ટીંગ માટે પ્રોગ્રામ તૈયાર કરી લેવાનો રહેશે અને તે મુજબ દરેક સ્થળ પરના તથા લેબોરેટરીમાં ટેસ્ટીંગ માટેના સેમ્પલ વિગેરે અચુક ટેસ્ટ કરવાના રહેશે.
૪. જી.ડી.સી.આર.ની જોગવાઇ મુજબ દરેક સ્ટેજના રીપોર્ટ, પ્રોગ્રેસ રીપોર્ટ સાથે રજુ થાય તે રીતે કાર્યવાહી કરવાની રહેશે.

RAJKOT URBAN DEVELOPMENT AUTHORITY

SHRI CHIMANBHAI PATEL VIKAS BHAVAN, POST BOX NO.238, JAMNAGAR ROAD, RAJKOT.

૫. લેબોરેટરી દ્વારા સત્તામંડળ વિસ્તારની જમીનોનાં વિકાસ માટે કરેલ સોઇલ ટેસ્ટીંગ રીપોર્ટનું અલગ રજીસ્ટ્રર રાખવાનું રહેશે. તથા સોફટ કોપી તૈયાર કરવાની રહેશે અને દર ત્રણ માસે તેની સોફટ નકલ સત્તામંડળને પાઠવવાની રહેશે. તથા તેની વિસ્તૃત યાદી પણ અત્રે રજુ કરવાની રહેશે.

૬. સોઇલ ટેસ્ટીંગ તથા કન્સ્ટ્રકશન મટીરીયલ્સના દરેક સ્ટેજના ટેસ્ટ રીપોર્ટ બે નકલમાં તૈયાર કરવાનાં રહેશે. જે પૈકી એક નકલ લેબોરેટરી દ્વારા સત્તામંડળને પાઠવવાની રહેશે અને એક નકલ જમીન માલિક/ડેવલોપર/કન્સ્ટ્રકશન એજન્સીને આપવાની રહેશે.

૭. વખતો વખત સરકારશ્રી તથા આ સત્તામંડળની વધારાની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. દર વર્ષે માન્યતા પ્રવર્તમાન નિયમાનુસાર અરજી રજુ કરી રીન્યુ કરાવવાની રહેશે. તથા નિયત રીન્યુઅલ ફી અત્રે ભરવાની રહેશે. (આ માન્યતા આજરોજ તા.૨૧-૦૮-૨૦૨૦ થી તા.૨૦-૦૮-૨૦૨૧ સુધીની એક વર્ષ માટેની છે.)

૯. દર વર્ષે માન્યતા નિયત સમય મર્યાદામાં રીન્યુ કરાવવી જરૂરી છે. અન્યથા પેનલ્ટી ભરવાની રહેશે.

URBAN DEVELOPMENT AUTHORITY RAJKOT RUDA

26/8/2020
મુખ્ય કારોબારી અધિકારી
રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ
રાજકોટ

નકલ રવાના પ્રતિઃ-
ટાઉન પ્લાનીંગ ઓફીસરશ્રી
રાજકોટ મહાનગરપાલિકા
ડો.વી.આર.આંબેડકર ભવન,
ઢેબર રોડ,
રાજકોટ તરફે ઉપરોકત વિગતે ઘટિત જાણ સારૂ.

Phone : 0281-2440810, 2476874, 2476799 Fax : 0281-2450523 E-mail : info@rajkotuda.com Website : www.rajkotuda.com